જન્મદિને વધામણી

ભાવિન એસ માલીવાડ
મો. ૯૪૨૭૮ ૦૭૪૭૧

ટેટ-૨નું ૧૯.૧૯ ટકા પરિણામ

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલી પરીક્ષા પરિણામ અંતે જાહેર થતા સસ્પેન્સનો અંત : ૧૯મી જુલાઈએ પરીક્ષા

ગુજરાત રાજ્યમાં ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમા શિક્ષકોની ભરતી માટે લેવામાં આવેલ ટેટ-૨ પરીક્ષાનું પરીણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલ આ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવતા કુલ બે લાખ જેટલા ઉમેદવારો હતા. પૈકી ૩૮ હજાર જેટલા ઉમેદવારો આ પરીક્ષામાં પાસ થયા છે. એટલે કે રાજયમાં ટેટ-૨ની પરીક્ષાનું સરેરાશ પરિણામ ૧૯.૧૯ ટકા જેટલુ નીચુ પરીણામ જાહેર કરવામાં આવ્યું છે.

રાજયમાં કાર્યરત જિલ્લા પંચાયત અને નગર શિક્ષણ સમિતી હસ્તકની ઉચ્ચત્તર પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. જેનાં પગલે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત ૧૯ જુલાઈએ ટેટ-૨નું પરીક્ષા લેવામાં આવી હતી. શિક્ષકોની ભરતી માટેની આ પરીક્ષામાં ગણિત, વિજ્ઞાન, ભાષા અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયોની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં રાજયભરમાંથી અંદાજે બે લાખ જેટલા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે રાજયની અપર પ્રાયમરીમાં શિક્ષક થવા માટે ફરજિયાત છે. એવી ટેટ-૨ની પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. જેમાં પરીક્ષા આપનારા ઉમેદવારો પૈકી ૩૮ હજાર જેટલા ઉમેદવારો આ પરીક્ષામાં પાસ થયા છે. એટલે કે રાજયમાં ટેટ-૨ની પરીક્ષાનું સરેરાસ પરિણામ ૧૯.૧૯ ટકા જેટલુ નીચુ પરીણામ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે હવે પાસ થયેલ ઉમેદવારોને આગામી દિવસોમાં તેમની સ્પીડ પોસ્ટ દ્વારા મળી જાય તેવી વ્યવસ્થા કરવામાં આવશે. આ ઉપરાંત ગુજરાત એજ્યુકેશનની વેબસાઈટ પર આ ટેટ-૨ની કસોટીની ફાઈનલ આન્સર કી પણ મુકવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી કરાતી ન હોવાથી મોટા પાયે વિવિધ શાળાઓમાં શિક્ષકોની જગ્યાઓ ખાલી પડી છે.

લેકાવાડા ખાતે સ્થિત ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન સપ્તાહ દરમ્યાન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ધોરણ-પથી ૧૧ના વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધા, શિક્ષકદિનની ઉજવણી, સ્વચ્છતા અભિયાન અંતર્ગત કેમ્પસની સફાઈ કાર્યક્રમોના આ સમૂહમાં સામેલ કાર્યક્રમો હતા. આ ઉપરાંત તા. ૧૩ સપ્ટેમ્બરના રોજ સ્કૂલ ખાતે વાલી મીટિંગનું આયોજન કરવામાં આવ્યું છે.

મનોરંજન

સિટી પ્લસ

સ્ક્રીન-૧
હીરો
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૧૫

સ્ક્રીન-૨
વેલકમ બેક
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
હીરો
૧.૩૦

સ્ક્રીન-૩
વેલકમ બેક
૧૨.૪૫
હીરો
૪.૩૦, ૭.૧૫, ૯.૪૫

સ્ક્રીન-૪
વેલકમ બેક
સવારે ૧૧.૦૦
ફેન્ટમ
૨.૧૫, ૧૦.૦૦
હીરો
૫.૧૫
ટ્રાન્સપોર્ટર-૪ (હિન્દી)
રાત્રે ૮.૦૦

સ્ક્રીન-૫
વેલકમ બેક
૨.૦૦, ૫.૦૦
હીરો
૧૦.૦૦, ૮.૦૦

આદર્શ નિવાસી શાળાનો ઍથ્લેટીક્સમાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૧૧

આદર્શ નિવાસી કન્યા શાળા (અજા), સેક્ટર-૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ જિલ્લાકક્ષાની ઍથ્લેટીક્સ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાનું ગૌરવ વધાર્યું છે અને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિયત કરી છે.

શાળા દ્વારા પાઠવવામાં આવેલી એક અખબારી યાદીમાં જણાવાયું છે કે સ્પર્ધાના અન્ડર-૧૯ વિભાગમાં જલધારા સાધુએ બરછી ફેંકમાં પ્રથમ, ૮૦૦ મીટર દોડમાં મોનાબેન પી મકવાણાએ દ્વિતિય ક્રમનું વિજેતા પદ પ્રાપ્ત કર્યું છે અને તેમની પસંદગી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી છે.

આચાર્ય કુસુમબેન ચૌહાણ તથા શાળા પરિવારે આ વિજેતા વિદ્યાર્થીનીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

જે ઍમ ચૌધરી કન્યા વિદ્યાલય ઍથ્લેટીક્સ સ્પર્ધામાં અવ્વલ

ગાંધીનગર, તા. ૧૧

જે ઍમ ચૌધરી કન્યા વિદ્યાલયની બાળાઓએ જિલ્લા કક્ષાની ઍથ્લેટીક્સ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી સમગ્ર શાળાને ગૌરવ અપાવ્યું છે.

અન્ડર-૧૭ સ્પર્ધામાં તાબિયાડ રીકુઆર ૨૦૦ મીટર દોડમાં પ્રથમ, બારોટ ઈશિતા પી લાંબીકૂદ, ૮૦૦ મીટર દોડમાં દ્વિતિય, ગોહિલ સ્નેહલ બી ૪૦૦ મીટર દોડમાં દ્વિતિય, પટેલ દૃષ્ટિ ડી ૧૫૦૦ મીટર દોડમાં પ્રથમ, પાલ પ્રિતિ આર ૩૦૦ મીટર દોડમાં પ્રથમ, ચૌધરી રીંગલ કે બરછી ફેંકમાં દ્વિતિય, ચૌધરી ધરતી હથોડા ફેંકમાં પ્રથમ, ચૌધરી પિનલ બી ૩૦૦૦ મીટર જલદચાલમાં દ્વિતિય સ્થાને વિજેતા બની હતી.

આ ઉપરાંત અન્ડર-૧૯ વિભાગમાં ચૌધરી સૃષ્ટિ ઍમ ૮૦૦ મીટર દોડમાં પ્રથમ, ચૌધરી લલિતા કે ૫૦૦૦ મીટર દોડમાં પ્રથમ, ચૌધરી મહિમા આર ૩૦૦ મીટર જલદચાલમાં પ્રથમ, ભારતી ડી ચૌધરી ચક્રફેંકમાં પ્રથમ, કિંજલ કે ચૌધરી વિઘ્ન દોડમાં પ્રથમ, ચૌધરી રોશની વિઘ્નદોડમાં પ્રથમ તથા ચૌધરી રમિલાબેન કે ૧૫૦૦ મીટર દોડની સ્પર્ધામાં દ્વિતિય સ્થાને વિજેતા બની હતી.

આચાર્ય તથા શાળા પરિવાર તરફથી વિજેતા વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવવમાં આવ્યા છે.

સેક્ટર-૨૨ રંગમંચ ખાતે ૧૭મીથી સાર્વજનિક ગણેશોત્સવ આરંભાશે

ગાંધીનગર, તા. ૧૧

શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ, સેક્ટર-૨૨ દ્વારા તા. ૧૭થી ૨૩ સપ્ટેમ્બર દરમ્યાન સાર્વજનિક ગણેશોત્સવનું આયોજન સેક્ટર-૨૨ રંગમંચ ખાતે કરવામાં આવ્યું છે.

તા. ૧૬ સપ્ટેમ્બર ને બુધવારના રોજ રાત્રીએ ૮ વાગ્યે ભાવનાબેન ગોકલામી દ્વાર આનંદનો ગરબો રમેશચંદ્ર જે પટેલના નિવાસસ્થાન, પ્લૉટ નં. ૪૬૧/૧, સેક્ટર-૩સી ખાતે યોજાશે. તા. ૧૭ના રોજ સવારે ૯ કલાકે આ જ સ્થળેથી મહાઆરતી બાદ શ્રીજીશ્રીની શોભાયાત્રા નીકળશે. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તર વિસ્તારના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગાંધીનગર મહાનગર-પાલિકાનાં મેયર હંસાબેન મોદી, સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨ના મહંત પી પી સ્વામી ઉપસ્થિત રહેશે.

શ્રીજીની શોભાયાત્રા સેક્ટર-૩ રીંગરોડ, સેક્ટર-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિર, સેક્ટર-૧૨ શૉપીંગ સેન્ટર, સેક્ટર-૨૩ શૉપીંગ સેન્ટર, સેક્ટર-૨૨ આયુર્વેદિક દવાખાના, સેક્ટર-૨૨ શૉપીંગ સેન્ટર થઈ રંગમંચ ખાતે પહોંચશે, જ્યાં પૂજા, પ્રાણપ્રતિષ્ઠા, આરતી સમિતિના પ્રમુખ નિશિત વ્યાસ દ્વારા સંપન્ન કરવામાં આવશે.

રાત્રે ૮.૩૦ કલાકે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગર સંચાલિત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે, જેના કન્વીનર તરીકે ડૉ. ચેતના બુચ કામગીરી સંભાળી રહ્યાં છે. તા. ૧૮ના રોજ રાત્રે ૮.૩૦ કલાકે સી ઍલ મહેતાના કન્વીનરપદે તલાલા, ગીરના કલાકાર રાજભા ગઢવી દ્વારા લોક સાહિત્યનો કાર્યક્રમ પ્રસ્તુત થશે.

તા. ૧૯ના રોજ રાત્રે ૯ કલાકે અમદાવાદના સુપ્રસિદ્ધ ઑરકેસ્ટ્રા રિધમ દ્વારા હિન્દી ફિલ્મનાં ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યના રાજ્યપાલ ઓ પી કોહલી આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે.

તા. ૨૦ના રોજ ગુજરાત સરકારના માહિતી વિભાગના સૌજન્યથી રાજેશભાઈ મહેડુ દ્વારા ગીત-સંગીતનો કાર્યક્રમ પ્રસ્તુત થશે. શિલ્પા પંડિત આ કાર્યક્રમમાં ગાયિકા તરીકે પોતાનો સૂર રેલાવશે. કાર્યક્રમના કન્વીનર ડૉ. ચેતના બુચ છે. તા. ૨૧ના રોજ બપોરે ૧.૨૦ કલાકે જ્યોતિ મહિલા મંડળના ઉપક્રમે બહેનો માટે હલદીકંકુ, ભજન, આરતી સુશોભન, ફુલદાની સુશોભનની સ્પર્ધા યોજાશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મેયર હંસાબેન મોદી, ગાંધીનગર જિલ્લા પંચાયતનાં પ્રમુખ હિનાબેન પટેલ, બ્રહ્માકુમારીઝ, ગાંધીનગરનાં સંચાલિકા કૈલાશદીદી તથા પ્રજ્ઞાબેન વિનોદભાઈ જોષી ઉપસ્થિત રહેશે. લ્હાણીનું સૌજન્ય નીરૂબેન નાયક તરફથી પ્રાપ્ત થયું છે.

આ જ દિવસે રાત્રે ૮.૩૦ કલાકે નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગરના સૌજન્યથી 'દેશ હે રંગીલા' નામે દેશભક્તિનાં ગીતો-નૃત્યોનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો છે, જેના કન્વીનર તરીકે રજનીકાન્ત સુથાર સેવા આપી રહ્યા છે.

તા. ૨૨ના રોજ યોગ ઍન્ડ કલ્ચરલ ઍસોસિએશન ઑફ ગુજરાત અને લકુલિશ યોગ યુનિવર્સિટી દ્વારા 'યોગ નૃત્યનું નિદર્શન' યોજવામાં આવ્યું છે જે અંતર્ગત આંતરરાષ્ટ્રીય યોગ સ્પર્ધામાં વિજેતા થયેલા ખેલાડીઓ દ્વારા યોગનું અદ્‌ભૂત પ્રદર્શન પ્રસ્તુત કરવામાં આવશે. કાર્યક્રમના કન્વીનર જયરાજસિંહ સરવૈયા છે.

બુધવાર, તા. ૨૩ના રોજ બપોરે ૩ કલાકે ગણપતિની પૂજા-અર્ચના બાદ શોભાયાત્રા પંચદેવ મંદિર પાસેથી, ૧૭-૨૨, ફુઆરા થઈ સાબરમતી નદીના પટમાં પહોંચશે, જ્યાં શ્રીજીની મૂર્તિઓનું વિધિવત વિસર્જન કરવામાં આવશે.

આ સર્વ કાર્યક્રમોનો લાભ લેવા સમિતિ તરફથી નગર, જિલ્લાની જનતાને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

આર સી પટેલ સ્કૂલમાં બેટી બચાવો અભિયાન

ગાંધીનગર, તા. ૧૧

શ્રીમતી આર સી પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલની દ્વારા ઍનઍસઍસ શાખા દ્વારા વિદ્યાર્થી બહેનોએ બેટી બચાવો વિષયવસ્તુ અંતર્ગત બેટી પઢાવો વિષયક નાટકની અસરકારક ભજવણી કરી હતી. ભણેલી દીકરીઓ સમાજને કેવી રીતે ઉપયોગી થાય છે અને સમાજ તથા કુટુંબનો આધાર કેવી રીતે બને છે એ બાબત આ નાટકના માધ્યમથી સુપેરે ઉજાગર કરવામાં આવી હતી.

આ ઉપરાંત બેટી બચાવો વિષય પર સૂત્રલેખન સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં ૧૧૭ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન, સંચાલન બદલ આચાર્ય તથા શાળા પરિવારે વિદ્યાર્થીઓ, ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર સંજયભાઈ ત્રિવેદી તથા મેરાજબેનને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે 'ક્વિઝ કમ ડિબેટ' સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટી સેન્ટર ફૉર સ્પૉર્ટ્સ લૉ દ્વારા ઍથલીટા લીગાલુસ નામે એક ક્વિઝ કમ ડિબેટ કૉમ્પીટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પંજાબ અને હરિયાણા હાઈકૉર્ટના નિવૃત્ત ચીફ જસ્ટિસ મુકુલ મુદ્‌ગલ, ઍસજીઍસયુના વાઈસ ચેરમૅન ડૉ. જતિન સોની, લૉ યુનિવર્સિટીના ડિરેક્ટર ડૉ. બિમલ ઍન પટેલ તથા સેન્ટર ઑફ સ્પૉર્ટ્સ લૉના કન્વીનર ડૉ. રીચા શર્મા ઉપસ્થિત રહ્યા હતા.

આઈપીઍલ સટ્ટા ઉપરાંત મુદ્‌ગલ અને લોઢા સમિતિના અહેવાલ આધારિત આ પ્રશ્ન અને ડિબેટ સ્પર્ધા હતી, જેમાં વિવિધ સંસ્થાઓના ૧૬ વિદ્યાર્થીજૂથોએ ભાગ લીધો હતો.

યુનિવર્સિટીના વિદ્યાર્થી વિનય નારાયણ દ્વારા સંચાલિત પ્રથમ રાઉન્ડ બાદ ૮ ટીમ પસંદ કરવામાં આવી હતી. બીજા રાઉન્ડનું સંચાલન યુનિવર્સિટીના બીજા વર્ષની વિદ્યાર્થીની જાલન મહેશ્વરી દ્વારા કરવામાં આવ્યું હતું. પુન્દ્રિકાક્ષ મિતૃકા અને અક્ષાંશ શર્મા વિજેતા બન્યા હતા, જેમને રૂા. બે હજાર ઈનામ તરીકે આપવામાં આવ્યા હતા. એ પછી કુલ ૪ ટીમને ડિબેટ માટે પસંદ કરવામાં આવી હતી.

વીર બ્રિટ્ટો અને પરમ ભાલેરોએ આ સ્પર્ધા જીતી લીધી હતી અને રૂા. ૪ હજારનું ઈનામ પ્રાપ્ત કર્યું હતું.

સ્પર્ધાના અંતે, વિજેતા વિદ્યાર્થીઓ તથા ભાગ લેનારા વિદ્યાર્થીઓને અભિનંદન આપતાં જસ્ટીસ મુદ્‌ગલે તેમને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ સહિત આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

'સોવિયત-સોવિયત' ગ્રંથનો આજે લોકાર્પણ સમારોહ

ગાંધીનગર, તા. ૧૧

હિન્દી પ્રચારક ડૉ. અતુલભાઈ પાઠકજીએ ૧૯૬૯થી ૧૯૯૧ દરમ્યાન સોવિયત દેશમાં લખેલા લેખો પૈકી ૫ સંદ કરવામાં આવેલા લેખોનો સંગ્રહ 'સોવિયત-સોવિયત' નામે પ્રકાશિત થયો છે. જેનો લોકાર્પણ સમારોહ જેઠાલાલ જોષી સભાગૃહ, રાષ્ટ્રભાષા હિન્દી ભવન, ઍલિસબ્રિજ ખાતે શનિવારે સાંજે યોજવામાં આવશે.

આ સમારોહના પ્રમુખસ્થાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. જયેશભાઈ દેસાઈ, મુખ્ય મહેમાન તરીકે અચલા ઍજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટના અધ્યક્ષ ડૉ. મફતલાલ પટેલ તથા ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના સંચાલક નરેન્દ્રભાઈ જોષી ઉપસ્થિત રહેશે. ગુજરાત સાહિત્ય સંગમ, ગાંધીનગરના મહાસચિવ નટવર હેડાઉના હસ્તે સમારોહના આરંભે દીપ પ્રાગટ્ય કરવામાં આવશે તથા મહાસચિવ રામ સાગર સિંહ પરિહાર તથા શરદભાઈ જોષી પ્રાસંગિક પ્રવચન કરશે.

આપણા દીવડાઓને ઘરઆંગણે અજવાળીએ

આપણા ઘરઆંગણાના સિતારાઓ દુનિયા રોશન કરતા રહે છે પણ એમની રોશનની આપણે ઘરણાંગણે જ કદર નથી કરતા

'નવી પેઢીનાં ક્રિએટીવિટીનાં ક્ષેત્રો બદલાયાં છે, નવાં આવ્યાં છે અને આ ક્ષેત્રોમાં તેઓ આગળ વધી શકે, વધુ સારું પ્રદર્શન કરી શકે એ માટે આપણે એમને નવાં પ્લેટફોર્મ આપવાની જરૂર છે.'

ગાંધીનગરનાં સંવેદનશીલ કલાકાર હિરેન ભટ્ટે બહુ જ સંવેદનશીલતાથી આ વાત કરી ને વાત હૃદયને સ્પર્શી પણ ગઈ.

ગાંધીનગરના બે યુવાનો રાજ જિતેન્દ્રસિંહ સોલંકી અને રૂજિત મહેશભાઈ રાવલ શૉર્ટ ફિલ્મ કૉમ્પીટીશન માટે ફિલ્મ તૈયાર કરી રહ્યા છે અને એ ફિલ્મ માટે હિરેનભાઈએ પોતાનો અનુભવી અવાજ આપ્યો છે. એ માટે હિરેનભાઈ યુવાનોના સંપર્કમાં આવ્યા અને એમના કામથી પ્રભાવિત થયા. બંને યુવાનો ઍન્જિનીયરીંગના વિદ્યાર્થી છે અને એમણે આ પહેલાં પણ ટૂંકી ફિલ્મો બનાવી છે, એ અંગેની માહિતી વિગતે જોઈશું પરંતુ હાલ હિરેનભાઈની એ વાત તરફ ધ્યાન ધરીએ કે નવી પેઢીમાંય ક્રિએટીવિટી તો છે જ, નવી પેઢીય 'વાહ' બોલી જવાય એવી રચનાઓનું સર્જન કરી શકે છે અને નવી પેઢી પણ કલા, સંસ્કૃતિ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે સજાગ, સભાન અને પ્રયત્નશીલ છે પણ દુખની વાત એ છે કે એમની એ સર્જનશીલતાને આપણા અનુભવની પાંખો નથી મળતી, એમની કોઈ નવી વાત માટે આપણે એમની પીઠ નથી થાબડતા અને આપણા ઘરઆંગણાના સિતારાઓ દુનિયા રોશન કરતા રહે છે પણ એમની રોશનની આપણે ઘરણાંગણે જ કદર નથી કરતા.

આજનો યુવા વર્ગ પોતાનો મહત્તમ સમય મોબાઈલ ફોનમાં માથું નાંખીને વિતાવે એટલે સિનિયર પેઢી એમ જ માને છે કે એ સમયનો બગાડ કરે છે. એવી જ રીતે કોઈ યુવાન મોડી રાત સુધી કૉમ્પ્યુટર સામે બેસી રહે તો આપણે એને ઈન્ટરનેટનો કીડો કહીને ઉતારી પાડીએ છીએ. પરંતુ, હકીકત એનાથી જૂદી હોઈ શકે છે, જૂદી છે જ.

આજની પેઢી આવતીકાલની પેઢીને એમ કહે છે કે 'તમે લોકો બગડી ગયા છો.' તો મારે આજની પેઢીને એ પૂછવું છે કે તમે જ્યારે યુવાન હતા ત્યારે તમારી આગળની પેઢી પણ તમને શું આવા જ શબ્દો નહોતી કહેતી? કહેતી જ હતી. દરેક જૂની પેઢીને નવી પેઢી આધુનિક અને 'બગડી ગયેલી' જ લાગે છે. પણ હકીકતે નવી પેઢી બગડેલી જ છે એવો કોઈ આંકડો, કોઈ આધાર છે કોઈની પાસે? ના.

હકીકત એ છે કે માનસિકતા આપણી જડ થઈ ગઈ છે. 'એક પેઢી' કહી શકાય એટલું આપણે જીવ્યા એટલે આપણે નવી પેઢી માટે સિનિયર થઈ ગયા, આપણે એમનાથી વધુ જીવ્યા એટલે આપણે હોંશિયાર થઈ ગયા અને આપણો અમુક ક્ષેત્રોનો અનુભવ એ જ દુનિયાનો સર્વશ્રેષ્ઠ અનુભવ છે એવું આપણે માનતા થઈ ગયા. માનતા થઈ ગયા ત્યાં સુધી વાંધો નહીં, પરંતુ એવું નવી પેઢીને આપણે મનાવવાનો પણ પ્રયત્ન કરીએ છીએ એ આપણી મોટી તકલીફ છે, હું તો કહું છું કે અત્યાચાર છે.

નવું એટલે ખરાબ જ, નવું એટલે બિનઉપયોગી, નવું એટલે સમયનો ને નાણાંનો બગાડ એવી માન્યતા ભૂલભરેલી છે. જો એવું જ હોત તો દોરડાવાળા ફોનને બદલે મોબાઈલ ફોન ને મોબાઈલ ફોનમાંથી સ્માર્ટ ફોન સુધી આપણે ન પહોંચ્યા હોત, સ્ટીમ ઍન્જિનથી બૂલેટ ટ્રેન સુધી ન પહોંચ્યા હોત અને વિન્ટેજ કારથી હાઈબ્રિડ કાર સુધી પણ ન જ પહોંચ્યા હોત!

આ બધા જ સુધારા, આ બધું જ નાવિન્ય આપણને સારું લાગે છે, ઉપયોગી લાગે છે અને આપણા જીવનધોરણને સુધારનારું લાગે છે. પરંતુ, આપણી નવી પેઢી કોઈ નવા ક્ષેત્રમાં નવું કામ નવી રીતે કરવા જાય છે તો આપણે એને બગડી ગયેલી માનીએ છીએ. હકીકત એ નથી. હકીકત એ છે કે માનસિકતા આપણી જડ થઈ ગઈ છે.

'જૂનું એ જ સારું' એવું આપણે માનીએ છીએ અને એ જ સનાતન સત્ય હોય એમ એને વળગી રહીએ છીએ. નવી વાતનો સ્વીકાર કરવા જેટલી સ્થિતિસ્થાપકતા આપણે ગુમાવી દીધી છે અને ખરાબ નવી પેઢીને કહીએ છીએ.

એ માનસિકતા છોડીએ અને વિકસીએ, ખુલ્લા શબ્દોમાં કહું તો હવે સુધરીએ. આપણા ઘરના દીવડાઓ દુનિયાને અજવાળવા માંડ્યા છે એ સ્વીકારીએ અને એમને ઘરઆંગણે પણ અજવાળીએ.

રાજ અને ઋજિતની જેમ દિવ્યકાન્ત વર્મા, જિમેશ પટેલ, ઈમ્તિયાઝ શેખ, યોગેશ પંડ્યા, નદીમ શેખ, મૌલિક શ્રીમાળી, અભિલાષ શાહ, આકાશ શાહ, દર્પણ પટેલ, દીપલ પરમાર, ફાલ્ગુન નંદા અને એવાં ઘણાં યુવાઓનાં નામ નવાં ક્ષેત્રોમાં ઝળકવા માંડ્યાં છે, એમને આવકારીએ, એમની પીઠ થાબડીએ અને એ બધાય એમનાં ક્ષેત્રોમાં સફળતાના મુકામ સુધી પહોંચી શકે એવો સુંવાળો રસ્તોય તૈયાર કરીએએ આજના સમયની માગ છે. ચાલો, કોણ શરૂઆત કરે છે?

એસએસએફએલ ગુજરાતમાં પાયાના સ્તરે ફૂટબોલની તકોનું મુલ્યાંકન કરશે

ગાંધીનગર, તા. ૧૧

સ્ટેર્સ સ્કૂલ ફૂટબોલ લીગની દિલ્હીમાં ભવ્ય સફળતા બાદ ટીમ સ્ટેર્સ તેને ગુજરાતમાં રજૂ કરવાનું આયોજન કરી રહી છે. આ માટેનો મુખ્ય હેતુ ૧૦,૦૦૦થી પણ વધુ પાયાનાં ઉત્સુક ફૂટબોલરોને શોધીને તેમને તક આપવાનો અને તેમની પ્રતિભાને પ્રદર્શિત કરવાનો છે.

ટીમ સ્ટેર્સ દ્વારા ગુજરાતનાં વિવિધ ભાગોમાં રમત-ગમતનાં વાતાવરણને અને કિશોરવય જૂથમાં ફૂટબોલની લોકપ્રિયતા સમજવાનો પાયાનો સર્વે હાથ ધર્યો છે. ટીમ સ્ટેર્સ સ્કૂલે જતા, સ્કૂલમાંથી ઉઠી ગયેલા અને સ્કૂલે નહિ ગયેલા કિશોર વયજૂથની પ્રવૃત્તિઓની દેખરેખ રાખશે અને ફૂટબોલથી રાજ્યનાં યુવા જગતની વર્તણૂંકમાં ફેરફાર થઈ શકે કે કેમ તેની ચકાસણી કરશે. ટીમ સ્ટેર્સ દ્વારા ગુજરાત રાજ્યમાં કાર્યાન્વિત સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓ અને પ્રવર્તમાન સ્પોર્ટ્સ આંતરમાળખા અને સુવિધાઓનું મુલ્યાંકન કરવામાં આવશે. આ સર્વેક્ષણમાં જાણવા મળેલી વિગતોની રાજ્ય સરકારનાં સત્તાવાળાઓ સાથે ચર્ચા કરીને રમત-ગમત ક્ષેત્રમાં વિકાસમાં શું થઈ શકે તેનાં સૂચનો મેળવીને આયોજન કરવામાં આવશે.

સ્ટેર્સનાં સ્થાપક અને સેક્રેટરી શ્રી સિદ્ધાર્થ ઉપાધ્યાયનાં જણાવ્યા અનુસાર, 'દેશભરમાં પાયાનાં સ્તરે રમતગમતનાં વિકાસ માટે ઘણું સારું કામ થઈ રહ્યું છે. સરકારો, પૂર્વ ખેલાડીઓ અને વિવિધ બિન નફાકારક સંસ્થાઓ સાચી અસર પાડી રહ્યા છે.

આમ છતાં, આ ક્ષેત્રે ઘણું કાર્ય થવાનું બાકી છે, તેને માટે અવકાશ પણ છે. એસએસએફએલ આ દિશામાં કાર્યરત છે.

ફૂટબોલ લીગનાં આયોજનનો હેતુ સરકારનાં સ્પોર્ટ્સ સમુદાય અને અન્ય હિસ્સાધારકોનાં પ્રવર્તમાન કાર્યમાં મુલ્ય ઉમેરવાનો છે.